# ગુજરાત સરકાર

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૦૫.૦૬.૨૦૨૧.

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૯.૦૪.૨૦૨૧ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A)થી કોરોના સંક્રમણને રોકવા અદ્યતન સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૦૨.૦૬.૨૦૨૧ના હુકમક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજ્યના ૩૬ શહેરોમાં તા.૧૧.૦૬.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવેલ.

૩. રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતીની સમીક્ષા કરતા પુખ્ત વિચારણા બાદ તા. ૦૨.૦૬.૨૦૨૧ના હુકમમાં દર્શાવેલ નિયંત્રણોમાંથી નીચે દર્શાવેલ નિયંત્રણ તા.૦૭.૦૬.૨૦૨૧થી દૂર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

> *"સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક,Finance Tech સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેક્શન સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ હાઉસ,એ.ટી.એમ/ સી.ડી.એમ. રીપેરર્સ, સ્ટોક એક્સચેન્જ,સ્ટોક બ્રોકરો, ઇન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહી."*

૪. **આથી રાજ્યમાં આવેલ તમામ સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક,Finance Tech સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેક્શન સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ હાઉસ,એ.ટી.એમ/ સી.ડી.એમ. રીપેરર્સ, સ્ટોક એક્સચેન્જ,સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસો તા.૦૭.૦૬.૨૦૨૧થી ૧૦૦% કર્મચારીઓ સાથે કાર્યરત રાખી શકાશે. આ દરમ્યાન તમામે COVID-19 સંબંધિત તમામ માર્ગદર્શક સુચનાઓનુ પાલન કરવાનું રહેશે.**

તા.૦૨.૦૬.૨૦૨૧ના સરખા ક્રમાંકના હુકમની અન્ય શરતો તથા નિયંત્રણો યથાવત રાખવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૨૧

વંચાણે લીધા : આ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૮/૦૫/૨૦૨૧નો પરિપત્ર.

**પરિપત્ર:**

રાજ્યમાં કોરોના વાઈરસ (કોવિડ-૧૯)નું સંક્રમણ વધતા તમામ સરકારી / અર્ધસરકારી / બોર્ડ / કોર્પોરેશનની કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ / કર્મચારીઓને નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ચેપી રોગનું સંક્રમણ ન થાય તે માટે પૂરતી તકેદારી લેવાના ભાગરૂપે ઉપર વંચાણમાં લીધેલ પરિપત્રથી જરૂરી સૂચનાઓ તા.૩૧/૦૫/૨૦૨૧ થી તા.૦૪/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા માટે પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨. કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ તા.૦૭/૦૬/૨૦૨૧ થી સરકારી / અર્ધસરકારી કચેરી, બોર્ડ / કોર્પોરેશન **૧૦૦% કર્મચારીઓની હાજરી** સાથે રાબેતા મુજબ કાર્યરત કરવાનું સુનિશ્ચિત કરવા નક્કી કરેલ છે.

૩. રાજ્ય સરકાર દ્વારા નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર કરવામાં આવેલ વખતોવખતની ધોરણસરની કાર્યપદ્ધતિ /માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા તેમજ જાહેર હિતમાં નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

- કચેરીમાં કર્મચારીઓ / અધિકારીઓની હાજરીના સંબંધમાં દરેક કામના સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાય તે જોવાનું રહેશે.
- નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નું સંક્રમણ ન થાય તે અંગે બેઠક માટે વીડીયો કોન્ફરન્સ સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન કરવા સર્વે વહીવટી વિભાગને જણાવવામાં આવે છે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વખતોવખત Covid-19 અંગે બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું અમલ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલ દયાની )
અધિક મુખ્ય સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ–૧/૨, ગાંધીનગર.

(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)

(૭) નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૮) નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.

(૯) સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રી.

(૧૦) સેક્શન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેક્શન અધિકારીશ્રી (HRMS Cell), સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સિલેક્ટ ફાઈલ (ટ–શાખા)

(૧૩) જનરલ સિલેક્ટ ફાઈલ.